## જન્મદિને વધામણી



રમીલાબેન કાંતિભાઈ પરમાર
ગાંધીનગર મહાનગર ભાજપ
મો. ૯૯૨૫૭ ૧૫૦૧૧



રિતિકા મેણાત



ચાર્વી અનિલ પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ અદાણી ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતે




ગાંધીનગર, તા. ૩૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ - બી.સી.એ., ગાંધીનગરના ટ્રિપલ આઈ સેલ તથા અદાણી કંપનીના ‘ઉડાન’ કાર્યક્રમ અંતર્ગત એક ઈન્ડસ્ટ્રી વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.સી.એ કોલેજના ૭૬ વિદ્યાર્થીઓ અને ૪ અધ્યાપક દ્વારા આ ઔદ્યોગીક એકમની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ અદાણી કંપનીના વિવિધ એકમો જેવા કે અદાણી પોર્ટ, અદાણી સેઝ, અદાણી પાવર, અદાણી વિલમારનો અભ્યાસ કર્યો હતો. વિદ્યાર્થીઓને આયાત-નિકાસની પ્રક્રિયા તથા તે માટે ઉપયોગમાં લેવાતા કમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ કમ્પ્યુટર કમ્યૂનિકેશન સોફ્ટવેર વિશે માહિતી આપવામાં આવી. તે ઉપરાંત ગુજરાતના સૌથી મોટા પાવર પ્લાન્ટ અદાણી પાવરની મુલાકાત દરમિયાન કઈ રીતે વીજળી ઉત્પન્ન કરી ગુજરાત અને હરિયાણા જેવા રાજ્યોમાં કઈ રીતે પોંહચાડવામાં આવે છે તે કમ્પનીના નિષ્ણાંતો દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

ઓઈલ રિફાઈનરી વિલમારમાં ઓઈલના ઉત્પાદન સાથે ઓઈલના ઓટોમેટિક પેકેજીંગ, ઓઈલ ગુણવત્તામાં વપરાતા વિવિધ સેન્સર તથા સ્ટોક મનેજ કરવામાં વપરાતા ઓટોમેટિક પ્લાન્ટની સંપૂર્ણ માહિતી આપવામાં આવી. ઔદ્યોગીક મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતના પરંપરાગત ગરબા, નૃત્યો તથા અન્ય વિવિધ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા. બીજે દિવસે સવારે આ વિદ્યાર્થીઓને યોગ દ્વારા આંતરિક અને બાહ્ય શુદ્ધિનું સુંદર પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ ઔદ્યોગિક મુલાકાતને સફળ બનાવા સંસ્થાના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ ડો. અભિજિત સિંહ જાડેજા અને અન્ય પ્રાધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી.

# શેઠ સી એમ શાળા ખાતે સેવાસૈનિકોનો વિદાય સમારોહ

## હર્ષદ ત્રિવેદીએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સૌ સેવાસૈનિકોને બિરદાવી તેમનું નિવૃત્ત જીવન પ્રવૃત્તિમય રહે તેવી શુભકામનાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૩૦

શેઠ સી એમ શાળામાં દીર્ઘકાલિન સેવાઓ આપીને વયનિવૃત્ત થઈ રહેલા સેવાસૈનિકો માટે શુભેચ્છા સમારોહનું આયોજન તાજેતરમાં ખીમજી વિસરામ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર, કવિ, લેખક હર્ષદ ત્રિવેદી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે આચાર્ય ડૉ. ચેતના અરૂણ બુચે સ્વાગત પ્રવચન આપ્યું હતું. પૂર્વ આચાર્ય અને સફળ સુકાની બચુભાઈ કે પટેલને શ્રીફળ-સાકર-સન્માનપત્ર, સ્મૃતિભેટ આપી, શાલ ઓઢાડી અતિથિના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

માધ્યમિક વિભાગના સુપરવાઈઝર તરીકે સેવાઓ આપનાર પ્રહલાદભાઈ પટેલ, વહીવટી પાંખના સિનિયર ક્લાર્ક હરિહરભાઈ દવે અને ગ્રંથપાલ રમીતાબેન પટેલને પણ ત્યારબાદ સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

હર્ષદભાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સૌ સેવાસૈનિકોને બિરદાવી તેમનું નિવૃત્ત જીવન પ્રવૃત્તિમય રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબેન પટેલે, આભારવિધિ કનુભાઈ પટેલે કરી હતી. સુપરવાઈઝર બી એ પટેલ, મુકેશભાઈ પટેલ, મહેશભાઈ ખોરસમા અને રમેશભાઈ પટેલે કાર્યક્રમ સફળ બનાવવામાં સક્રિય સહયોગ આપ્યો હતો.

## વાડોકાઈ કરાટે ડો એકેડેમી, ગાંધીનગર દ્વારા

# રેન્ક ટેસ્ટ યોજવામાં આવી




ગાંધીનગર, તા. ૩૦

વાડોકાઈ કરાટે ડો એકેડેમી, ગુજરાતની ગાંધીનગર શાખા દ્વારા તાજેતરમાં રેન્ક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના કોચ સેનસાઈ સૂરજભાઈ ત્રિપાઠી દ્વારા લેવામાં આવેલી આ પરીક્ષામાં ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ ડિગ્રી મેળવી હતી. વિહાન રોટ અને લક્ષ્ય રોટે બ્રાઉન-૩ બેલ્ટની પદવી મેળવી હતી. એકેડેમીના જિલ્લા નિયામક સેનસાઈ ગૌરાંગ રાણાના વરદ હસ્તે પદવીનાં પ્રમાણપત્રો વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવ્યાં હતાં.

ઑલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ડો એસોસિએશનના વાઈસ ચેરમેન અને ટેકનિકલ ડિરેક્ટર શિહાન અરવિંદ રાણાએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આર સી પટેલ સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ઍનઍસઍસના વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય વિનોદભાઈ, કેતકીબેન, સંજયભાઈ ત્રિવેદી, ડૉ. અરવિંદભાઈ અને ઍનઍસઍસ ઑફિસર દિનેશભાઈ પટેલ અને ઍનઍસઍસના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમની વિદ્યાર્થિની બૅડમિન્ટન સ્પર્ધામાં વિજયી બની





ગાંધીનગર, તા. ૩૦

ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ, ધોરણ-૧૦ બીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નાઝ અન્સારીએ યાકા ઍકેડેમી ફોર નોલેજ એન્ડ એડવેન્ચર, ખોખરા ખાતે આયોજિત બૅડમિન્ટન સ્પર્ધામાં અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ વિભાગમાં પ્રતિનિધિત્વ કરી વિજયપદ પ્રાપ્ત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે નાઝ કોચ જોકો (લવારપુર) પાસેથી છેલ્લાં બે વર્ષથી બેડમિન્ટનની તાલીમ પ્રાપ્ત કરી રહી છે. સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શાળા પરિવારે નાઝ અન્સારીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જાણીતાં, અજાણ્યાં બાળકાવ્યોના આસ્વાદનું અનોખું પુસ્તક એટલે ‘નરસિંહથી નટવર’



પુસ્તક પરિચય
નટવર હેડાઉ

સાહિત્યની પ્રત્યેક સર્જનાત્મક કૃતિ સાથે આસ્વાદની પ્રક્રિયા અભિન્ન રીતે જોડાયેલી છે. સાહિત્યકૃતિ રચાય એટલે તેના પ્રત્યાયન અને આસ્વાદના તબક્કાઓ આરંભાય છે. માત્ર સાહિત્ય નહી, કલાના બધા આવિષ્કારો પરત્વે આ સાચું છે. સર્જક સાહિત્ય સર્જન ભલે નિજાનંદે કરે પણ તેની કૃતિ ભાવક પાસે પહોંચે એટલે એ નિજાનંદમાં પ્રત્યાયન અને આસ્વાદ દ્વારા ભાવક પણ સહભાગી બને છે. સાહિત્યકૃતિનો પ્રથમ આસ્વાદક તેનો સર્જક હોય તે દેખીતું છે. પણ કૃતિ સાથેની સર્જક તરીકેની તેની નિસબત અને કર્તાભાવ આસ્વાદકને સંપૂર્ણપણે વિસંગત ન પણ રહેવા દે. આસ્વાદકની ભૂમિકા ભાવક તટસ્થ અને વિવેકબુદ્ધિપૂર્વક ભજવી શકે છે. તે તેનો અધિકાર પણ છે. કૃતિને પામવા માટે બહુવિધ સજ્જતા, હેતુનિષ્ઠા અને સહૃદયતા આસ્વાદ પ્રક્રિયામાં ભાવક પક્ષે આવકારદાયક અને ઉપકારક છે. કૃતિના આસ્વાદમાં જે રસાનુભૂતિ અથવા તેની ન્યૂનતાના જે અનુભવો થાય તેનું આસ્વાદક સહૃદયતાપૂર્વક છતાં તટસ્થ આકલન કરે છે ત્યારે તે આસ્વાદકની સમાંતરે વિવેચકનો પાઠ ભજવે છે. જો કે ગુજરાતી સાહિત્યમાં ને ... તેમાં પણ ખાસ કરીને ... બાળસાહિત્યમાં ... આસ્વાદ ... અને ... વિવેચનનું પ્રમાણ ખૂબ જ અલ્પ છે. ... ત્યારે આપણા એક ખૂબ જ જાણીતા બાળસાહિત્યકાર નટવર પટેલ દ્વારા જાણીતા કે અજાણ્યા એવા બાળકાવ્યોના રચયિતાઓની રચનાઓને ખૂબ જ જહેમતપૂર્વક એકત્ર કરી આદિકવિ નરસિંહથી શરૂ કરી હાલના તેમના સમકાલિન કવિઓની રચનાઓ તેમજ ક્યાંક લોકગીત જેવી લોકભોગ્ય રચનાઓનો શિક્ષકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડે તેવા હેતુસર સરળ આસ્વાદ કર્યો છે. જેમાં આપણને બે ભાગમાં દળદાર પુસ્તકરૂપે આ આસ્વાદો પ્રાપ્ત થયા છે.

નરસિંહથી નટવર ગુજરાતી બાળકાવ્યા આસ્વાદમાં બે ભાગમાં ૧૪૧ જેટલાં કાવ્યોનો આસ્વાદ મળે છે. તેમાં ઘણા બાળસાહિત્યકારોની ઉત્તમ રચનાઓ છૂટી પણ ગઈ છે. છતાં જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે ખરેખર આવકારદાયક છે. કારણ કે આ આસ્વાદ લેખો અંગેની આંશિક વાત કરતાં તેઓને જે સંઘર્ષ અને મહેનત કરવી પડે છે તે કાબિલેદાદ છે. કેમ કે પ્રથમ તો કવિઓની યાદી બનાવવી, તેમની જાણીતી રચનાઓ પસંદ કરવી તે ખરેખર અઘરું કામ હતું. ભક્તિ યુગના કવિઓ પાસેથી બાળ રચનાઓ ઓછી મળે છે એટલે પસંદગી ઝડપથી થઈ શકી. પરંતુ વીસમી ને એકવીસમી સદીના કવિઓની ઘણી રચનાઓ આસ્વાદકને ફેંદવી પડી અને તેમાં જે વધારે ગમી તે ઘણી રચનાઓ ગમી એટલે કઈ રચના લેવી તેની મીઠી મૂંઝવણ પણ થઈ. આસ્વાદક તેમના આત્મકથનમાં જણાવે છે કે ખૂબ જાણીતા ન હોય તેવા કવિની એકાદ બે રચનાઓ જે હાથવગા થયા તે કાવ્યસંગ્રહોમાંથી જોઈ ગયો. જૂનાં પાઠ્યપુસ્તકો પણ ઉથલાવી ગયો, તેમાંથી ઘણી ઉત્તમ કૃતિઓ મળી જેવી કે મીઠી માથે ભાત, તરુવર, ઘરડા મા, માછીની ઘોડી, નાનો-મોટો વિગેરે.

આસ્વાદકને એવો ખ્યાલ હતો કે વિવિધ પ્રકારનાં, વિવિધ વિષયનાં, વિવિધ રસનાં કાવ્યો અહીં આવે. આ બધું તૈયાર કરતાં તેમને પાંચ વર્ષનો સમયગાળો લાગ્યો હોવાનું જણાવે છે. આ આસ્વાદોમાં છંદોબદ્ધ રચનાઓ ઓછી છે. ગીતોનું પ્રમાણ વધારે છે. અછાંદસ રચના એકપણ નથી. નમૂનારૂપે એકાદ બાળગઝલ લીધી છે. બે લોકગીતો પણ અહીં જોવા મળે છે.

આ દળદાર ગ્રંથના આસ્વાદો આપણને ગમી જાય તેવા એટલા માટે છે કે તેમાં નરસિંહ મહેતાની ‘નગદમન’થી લઈને બોટાદકરની માતૃવંદનાની ચિરંજીવ કૃતિ ‘જનની જોડ...’ ગિજુભાઈ બધેકાની ‘ચોકમાં દાણા નાંખ્યા છે...’ અને રમેશ પારેખની ‘ચપટી વગાડતાં આવડી ગઈ...’ જેવી જાણીતી રચનાઓના આસ્વાદ મળે છે.

આસ્વાદ લેખોનું આ દળદાર પુસ્તક બે ભાગમાં સુંદર છાપકામ, ગમી જાય તેવા મુખપૃષ્ઠ સાથે સુંદર રીતે પ્રગટ કરવા બદલ પ્રણવ પ્રકાશનના અમૃત ચૌધરી અને બાળસાહિત્યમાં આસ્વાદનું કામ આટલી જહેમત ઉઠાવીને કરનાર નટવર પટેલ ખૂબ જ ધન્યવાદને પાત્ર છે.

નરસિંહથી નટવર
(ગુજરાતી બાળકાવ્યાસ્વાદ)
લેખક : નટવર પટેલ
પ્રકાશક : પ્રણવ પ્રકાશન, અમદાવાદ.
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭
કિંમત : રૂા. ૧૭૫/- (પ્રતિ ભાગ)

# બીબીએ કોલેજ ખાતે વકતૃત્વ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૩૦

બીબીએ કોલેજ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે પેઈન્ટિંગ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આ દિવસનો મહિમા સમજાવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓ ને શુભકામના પાઠવવામાં આવી હતી. કોલેજ તરફ થી ડો. નીરવ જોશી દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરાયું હતું. સમગ્ર કોલેજમાંથી કુલ ૨૪ વિદ્યાર્થીઓને પસંદ કરી ફાઈનલ વકતૃત્વ સ્પર્ધા માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાને અનુલક્ષીને ચાર વિષયમાંથી કોઈ એક વિષય પસંદ કરી પોતાનું વકતવ્ય આપવાનું હતું. વકતૃત્વમાં પ્રથમ ક્રમે શિવાંગ ગોસ્વામી, દ્વિતીય ક્રમે હર્ષ વઘાસિયા તેમજ તૃતીય ક્રમે કાદરી સાયીકા સ્પર્ધાને અંતે આવ્યા હતા જયારે પોસ્ટરમેકીગમાં ૨૪ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં પ્રથમ ક્રમે કાજલ ચૌધરી, દ્વિતીય ક્રમે સોનલ દાસ તેમજ તૃતીય ક્રમે બંસરી ડાંગી પસંદગી પામ્યા હતા.

# ગજાનન સેવા સમિતિ દ્વારા છાત્રેશ્વરીમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાજેતરમાં મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં ૩૫ વૃદ્ધોને ૧૧ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોપરેલ, અગરબત્તી, ચ્હા, મગ, બે કિગ્રા ચોખા, સાબુ, મીઠું વગેરેની સાથે વરસાદથી રક્ષણ માટે પ્લાસ્ટિક પણ આપવામાં આવ્યાં હતાં, જે દાસભાઈ તરફથી પ્રાપ્ત થયાં હતાં. મિલિન્દભાઈ, યોગેશભાઈ તથા અન્ય કાર્યકર્તા આ સેવાકાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા.